PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૯/ક્વા–૦૨/૧૬–૧૭/ 2935 તા. 25/08/16

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
ભગવતી ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ,
જામવાડી જી.આઈ.ડી.સી. પ્લોટ નં.–૧૪૦,,
નેશનલ હાઈવે–૨૭,,
ગોંડલ –૩૬૦૩૧૧
મો: ૯૩૭૭૭ ૫૦૭૭૭,૦૨૮૨૫–૨૨૭૪૪૬, ૨૨૫૭૬૨

વિષય :–વીજબીલ બાબત [Rcy- Lazy]
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૭–૦૭–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૪૯/ક્વા–૦૨/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.–2.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ગોંડલ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી નં.–૧, ગોંડલ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.



NO: 06/A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૪૯/કવા–૦૨/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૨૩–૦૯–૧૬ | સ્થળ :–રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામઃ ભગવતી ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ,ગામઃ જામવાડી

રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.

## વિરૂધ્ધ

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી નં.–૧, ગોંડલ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ગોંડલ)

રજુઆત કરનાર :જે.જે.સોની, નાયબ ઈજનેર (ટેક) વિભાગીય કચેરી ગોંડલ

## રીવ્યુ અરજી સામે : હુકમ :

ફરીયાદ : વીજબીલ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૨/૨૦૧૧ ના મુદદા નં. ૩.૪૫ મા કરાયેલ જોગવાઈ મુજબ, અગાઉ ના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ના હુકમ નંબરઃ પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૫/કવા–૦૧/૧૬–૧૭/૫૧૯૪, તા.૦૩–૦૬–૧૬ સામે, નીચે ના મુદદાઓ ને આવરી લઈ ને રીવ્યુ અરજી કરેલ છે. |
| ૧.૧ | અરજદાર શ્રી ના જણાવવા મુજબ, તેઓ શ્રી ના ગામઃ જામવાળી જી.આઈ.ડીસી ખાતે ના પ્લોટ નં.૧૪૦ મા આવેલ ઓર્ધોગીક વીજજોડાણ નં.:૩૩૧૩૯/૦૦૫૧૨/૧ મા, અગાઉ ક્ષતિગ્રસ્ત મીટર ના કારણોસર, સદર મીટર વધુ વીજભાર (એમડી) નોંધતુ હોય, અને ત્યારબાદ નુ મીટર પણ ક્ષતિગ્રસ્ત હોય, જે પીજીવીસીએલ તરફથી મે–૨૦૧૫ મા બદલાવેલ હતુ. સદર વિષય સબંધક, તેઓ શ્રી ના જોડાણ નુ સદર ક્ષતિગ્રસ્ત મીટર વધુ વીજભાર (એમડી) નોંધતુ હોવા બાબતે, અગાઉ તેઓ શ્રી ને જે પીજીવીસીએલ તરફથી '' બંધ મીટર સબબ નુ રૂ.૩૪,૧૪૦/– નુ'' જે બીલીગ થયેલ છે, તે બીલીગ સમયે, સદર જોડાણ ના બીલીગ મા, વીજવપરાશી થયેલ વીજભાર ( એમ.ડી.) ની બાબતો, ગણતરી મા લેવાયેલ ન હોય, જેથી આ બાબત ને ધ્યાને લઈ ને, તેમના સવાલવાળા બીલ ને, ન્યાયિક રીતે મુલવવા, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ, રીવ્યુ અરજી નોંધાવેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી ના ગામઃ જામવાળી જી.આઈ.ડીસી ખાતે ના પ્લોટ નં.૧૪૦ મા આવેલ ઓર્ધોગીક વીજજોડાણ નં.:૩૩૧૩૯/૦૦૫૧૨/૧ ( ૫૮ કીવો) નુ મીટર – ક્ષતિગ્રસ્ત હોવા બાબતે ની, ફરીયાદી અરજદાર શ્રી ની ફરીયાદ ના અનુસંધાને, પીજીવીસીએલ તરફથી તા.૧૫–૦૫–૧૪ ના રોજ મીટર બદલાવી, અને તા.૦૩–૦૬–૧૪ ના રોજ લેબોરેટરી મા ચકાસણી કરવામા આવેલ હતુ. તેમજ, એમ.આર.આઈ. અહેવાલ પણ મેળવવા માટે નો પ્રયત્ન થયેલ હતો. પરંતુ, સદર મીટર ક્ષતિગ્રસ્ત હોય, કોઈ પણ પ્રકાર નો એમ.આર.આઈ. ડેટા મળી શકેલ ન હતો. આવા કારણોસર, અરજદાર શ્રી ના જોડાણ મા, સદર ક્ષતિગ્રસ્ત મીટર ની હૈયાતી ના સમયગાળા નુ વીજબીલીગ, જે જોડાણ મા સ્થપાયેલ સરેરાશ વીજવપરાશી યુનીટ મુજબ થયેલ હતુ. જે બીલીગ, જે તે સમયે જોડાણ માં જણાયેલ વીજભાર (એમડી) મુજબ નુ જ હતુ. આ બાબત, ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ના હુકમ નં.પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૫/કવા–૦૧/૧૬–૧૭/૫૧૯૪, તા.૦૩–૦૬–૧૬ મુજબ પણ માન્ય રહેલ હતી. |

| | |
|---|---|
| **૨.૨** | તેમ છતા, સદર જોડાણ મા, વીજભાર વીજવપરાશી ( એમડી) ને ધ્યાને લેવાયેલ ન હોવા બાબતે ની, સદર રીવ્યુ અરજી ના અનુસંધાને સ્પષ્ટ કરતા જણાવવાનુ કે, અરજદાર શ્રી ના સદર જોડાણ મા, જે સવાલવાળુ બીલીગ થયેલ છે, તે બીલીગ એટલેકે અનુક્રમે, (૧) માહે ડિસેમ્બર–૧૩ મા, બીલીગ સમયે ૬૮.૫ કીવો વીજભાર (એમડી) તેમજ એમ.આર.આઈ. મા જણાયેલ ૬૮.૫ કીવો વીજભાર (એમડી) (૨) માહે જાન્યુઆરી–૧૪ મા, બીલીગ સમયે ૪૯.૫ કીવો વીજભાર (એમડી) તેમજ એમ.આર.આઈ. મા જણાયેલ ૪૯.૧ કીવો વીજભાર (એમડી) (૩) માહે ફેબ્રુઆરી–૧૪ મા, બીલીગ સમયે ૭૪.૫ કીવો વીજભાર (એમડી) તેમજ એમ.આર.આઈ. મા જણાયેલ ૭૪.૨ કીવો વીજભાર (એમડી) ની બાબતો, ધ્યાને લીધા બાદ જ, અરજદાર શ્રી ના સદર જોડાણ મા પીજીવીસીએલ તરફથી '' બંધ મીટર સબબ નુ રૂ.૩૪,૧૪૦/– નુ'' જે બીલીગ થયેલ છે. આ મુજબ ની સ્પષ્ટતાઓ, જે અરજદાર શ્રી ની ફોરમ સમક્ષ ની રીવ્યુ અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ તરફથી રજુ કરવામા આવે છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ, અને ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને કરાયેલ મૌખીક રજુઆત, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨.૧ થી ૨.૨ મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી નો સદર કેઈસ, અગાઉ અત્રેના ફોરમ તરફથી કરાયેલ હુકમ નં. પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૫/કવા–૦૧/૧૬–૧૭/૫૧૯૪, તા.૦૩–૦૬–૧૬ થી નિર્ણીત થયેલ છે. સદર હુકમ ના છેલ્લા પાના પર એટલેકે પાના નં.૦૩ પર, અપાયેલ નોંધ મુજબ, '' જો સદર નિણય સાથે અરજદાર શ્રી સંમત ન હોય તો, અરજદાર શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.'' આ મુજબ ની, ફોરમ હુકમ મા અપાયેલ નોંધ ની નિયત સમયમર્યાદા મા, અરજદાર શ્રી એ નામદાર લોકપાલ શ્રી સમક્ષ અપીલ અરજી કરેલ નથી. પરંતુ, હુકમ તા.૦૩–૦૬–૧૬ પછી ના આશરે ૫૭ દિવસો જેવા વિલંબીત સમયગાળા પછી, એટલેકે તા.૨૮–૦૭–૧૬ ના રોજ અરજદાર શ્રી એ, અત્રેના ફોરમ સમક્ષ સવાલવાળી રીવ્યુ અરજી કરેલ છે. નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૨/ ૨૦૧૧ ના મથાળા હેઠળ ના મુદદા નં.૩. ૪૫ ના પેટા મુદદા નંબર ( i ) તેમજ ( i i ) મા નિર્દેશીત કરેલ વિશિષ્ટ બાબતો, ફરીયાદી અરજદાર શ્રી ની ફરીયાદ અરજી મા જણાયેલ નથી. જયારે, ફરીયાદી અરજદાર શ્રી એ તેમના સવાલવાળા પુરવણી બીલ ના સમયગાળા મા જોડાણ મા વીજવપરાશી થયેલ વીજભાર (એમડી) ની બાબતો, ધ્યાન મા ન લેવા બાબતે નુ માત્ર પુનરાવર્તન જ સદર રીવ્યુ અરજી મા કરેલ છે. તેમ છતા, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, ફરીયાદી અરજદાર શ્રી ની સદર માંગણી ની પૂર્તતા, ફરી એક વખત મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે થયેલ છે. આમ, હવે સદર રીવ્યુ અરજી પરત્વે, અત્રેના ફોરમ તરફથી વિશેષ કંઈ કરવાનુ રહેતુ નથી. જેથી, ફરીયાદી અરજદાર શ્રી ની સદર રીવ્યુ અરજી અત્રેના ફોરમ તરફથી ગ્રાહય રહેલ નથી. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર રીવ્યુ અરજી કેઈસ મા, ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે હુકમ થયેલ છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**( એમ.એન. ઓઝા )**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

નોંધ જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..